લિવ ઈનથી હવે હૂક અપ કલ્ચર મોરાલિટી વિરુદ્ધ કાયદો

આજના યુવાનોના 'નવા' સંબંધો આઝાદી કે ઈમોશનલ ટ્રેપ?

સ્નાટાભરી રાતના 2 વાગ્યા છે પણ સલોનીની આંખમાં ઊંઘ નથી, બાજુમાં તેનો પતિ નિસાર ઘસઘસાટ સુઈ રહ્યો છે.પરંતુ સલોની અબીરની આજની હરકતથી ભડકી ગઈ હતી. તે 42 વર્ષની હતી. નિસાર સાથે આમ તો તેનું જીવન નોર્મલ જ હતું. પણ તેને પણ એકધાર્યું જીવન જીવવાને બદલે જીવનમાં કંઈક બદલાવ જોઈતો હતો તે પણ અત્યારના વાતાવરણમાં રંગાઈ પોતાનો એક બોયફ્રેન્ડ રાખી 42 વર્ષે પણ 22 વર્ષની યુવતી જેવું જીવવા માંગતી હતી. તેને પણ કોઈકની બાઈક પાછળ બેસી ખુલ્લા આકાશ નીચે આઝાદી માણવી હતી. તે અને તેની સખીઓ આજના બદલાયેલા ટ્રેન્ડ, ડેટિંગ એપ અંગે ગુફ્તગુ કરી વાતોના ચટાકા લેતી. નિસાર એક સારો પતિ જ હતો પણ લગ્નને 16 વર્ષ થવા આવ્યા હતા અને સામે છેડે તેણે પણ સમાજમાં પાંગરી રહેલ બિન્દાસ્ત વાતાવરણ અંગે ઘણું વાંચ્યું હતું અને સાંભળ્યું પણ હતું.

તેથી તેને પણ આવા મુક્ત વાતાવરણમાં રંગાવવાનું મન થયું હતું. જેથી તે એક ડેટિંગ એપ મારફતે અબીરના કોન્ટેક્ટમાં આવી હતી, અબીર 40 વર્ષનો હેન્ડસમ યુવાન હતો. બિન્દાસ્ત વિચાર ધરાવતો હતો. તેની નજીક આવી સલોનીને જીવનમાં એક્સાઈન્ટમેન્ટ લાગતું હતું. તેની સવાર હવે નોર્મલ હતી પણ સાંજ રોમેન્ટિક હતી. તેના જીવનમાં એક નવું જ પ્રકરણ ઉમેરાયું હતું. તે અને અબીર અઠવાડીયામાં 2 કે 3 વાર અલગ અલગ સ્થળોએ મળી આ અનૈતિક સંબંધોનો આનંદ ઉઠાવી એક મુક્ત જીવન જીવતા હતા. વળી તેણે વાંચેલી આઝાદ જીવનની વાતોએ તેના મનમાં નિસાર માટે કોઈ ગિલ્ટ કે અપરાધની ભાવના પણ પેદા કરી ન હતી.

તે આ જીવનથી ખુશ હતી. પરંતુ 2 મહીનામાં જ નજીક આવ્યા બાદ આજે તેણે અબીરને લિવ ઈનમાં સાથે રહેવા પ્રસ્તાવ મુક્તા તે ભડકી ગયો હતો અને સાથે રહેવા સ્પષ્ટ ના પાડી કહી દીધું હતું કે, ડાર્લિંગ સાથે ક્યાં, મોજ કરી પણ કોઈ બંધન કે બોજમાં હું ન બંધાઈ શકું. આપણે રેટિંગ એપથી સારો સમય સ્પેન્ડ કરવા મળ્યા હતા જે કર્યો પણ સાથે કેમ? તું તને ગમે તે કરી શકે છે. તારે મારી સાથે વિતાવેલ સારો સમય જ યાદ રાખવાનો બાકી બધું ભૂલી જવાનું. અસલમાં સલોની આ રિલેશનશિપને સીરીયસ સમજી અબીર સાથે લગ્ન કરી કે કર્યા વગર પણ સાથે રહેવા ઇચ્છતી હતી. પણ અબીરે સ્પષ્ટ ના કહી દીધી હતી. તેમજ પોતાને હમણાં સમય નથી તેથી ઈવન કોલ કરી ડિસ્ટર્બ પણ ન કરવા કહી દીધું હતું. ત્યારે સલોની ભાંગી ચુકી હતી તેણે આવું ધાર્યું પણ ન હતું. અબીરે તો તેને નવો બોયફ્રેન્ડ શોધવા પણ કહી દીધું હતું. સલોનીની આંખોમાં તેથી ઊંઘ હરામ હતી. તે વિચારી રહી હતી કે, આ કેવા સંબંધો તે બાંધી બેઠી હતી? જ્યાં કોઈ જ બંધન ન હતું,કોઈ વફાદારી ન હતી. કોઈ જવાદારી ન હતી. જોકે, લગ્ન કર્યા હોવા છતાં આઝાદ જિંદગી જીવવાની તેને ખેવના થઈ હતી, જેનું પરિણામ આજે તે જોઈ ચુકી હતી.

બાય ધ વે, આ માત્ર સલોનીની જ વાત નથી. આધુનિક યુગની ચરમસીમાએ Gen-Zના વધતા પ્રભાવ, તદ્દન બદલાયેલ લાઈફસ્ટાઈલ વાતાવરણ અને લગ્ન અંગેની માન્યતાઓમાં ફક્ત Gen-Zજ નથી બદલાઈ પરંતુ હવે મિલેનિયલ્સ પણ બદલાયા છે. તે પણ લગ્ન કરીને કરીઠામ થયા હોવા છતાં એક આઝાદ, સ્વચ્છદ અને એયાશ જીંદગી જીવવા માંગે છે. લગ્ન એક સામાજીક ફોર્માલિટી બની રહી હોય તેવું ઘણા ખરા હવે માનવા લાગ્યા છે. લગ્નના બંધનમાં બંધાઈ વફાદાર રહેવાનો સૂર્યાસ્ત જાણે આથમી ચુક્યો છે. નવીનક્કોર સવારમાં સંબંધોમાં બિલકુલ બેજવાબદાર અને તદ્દન મુક્ત સંબંધો બંધાવવા લાગ્યા છે. બધા તેવા જ છે તેવું અહીં કહેવાનો જરા પણ આશય નથી. પરંતુ સમાજના એક ખૂણે આ શરૂઆત થઈ ચુકી છે.

તેને આવા મુક્ત વાતાવરણમાં રંગાવવાનું મન થયું હતું. તે એક ડેટિંગ એપ મારફતે અબીરના કોન્ટેક્ટમાં આવી હતી, અબીર 40 વર્ષનો હેન્ડસમ યુવાન હતો, તેની સાથે સલોનીને જીવનમાં એક્સાઈન્ટમેન્ટ લાગતું હતું. તેની સવાર હવે નોર્મલ હતી પણ સાંજ રોમેન્ટિક હતી

વેલ, લિવ-ઈનથી શરૂ થયેલ બિન્દાસ્ત અને બેજવાબદાર સંબંધો જ્યારે અનેક નવા સ્વરૂપ અને નામો ધરાવે છે ત્યારે અહીં તે, જોઈએ તો, અત્યારના ડિજિટલ યુગમાં પ્રેમ અને સંબંધોની વ્યાખ્યાઓ મૂળમાંથી બદલાઈ રહી છે. આજની યુવા પેઢી માટે સંબંધો હવે માત્ર 'લગ્ન'કે 'પરંપરાગત કોમિટમેન્ટ'સુધી સીમિત નથી રહ્યા. હવે પ્રેમની વ્યાખ્યામાં નવી પરિભાષાઓ ઉમેરાઈ છે અને તેની સાથોસાથ કાયદાકીય તથા સામાજિક દ્રષ્ટિકોણ પણ બદલાઈ રહ્યો છે.

વિશેષમાં ઉપરથી ડેટિંગ એપ્સે એ નવા સંબંધો શોધવાનું કામ એટલું સરળ કરી દીધું છે કે ક્યારેક અજાણી વ્યક્તિ સાથે ઓળખાણ અને સંબંધ વચ્ચેનું અંતર માત્ર એક સ્વાઈપ જેટલું રહી ગયું છે. પણ સવાલ એ છે, આટલા બધા વિકલ્પો વચ્ચે લગ્નનું સ્થાન ક્યાં રહ્યું?લગ્ન સાવ એક નામના રહી ગયા છે. લોકો લગ્નની ફોર્માલિટી ઈચ્છે છે પણ બંધન નથી જોઈતું.

વેલ, અહીં માત્ર આ વાત માત્ર Gen-Zની જ નથી, 40-50 વર્ષની ઉંમરના સ્ત્રી-પુરુષોમાં પણ આવા સંબંધોને લઈને પહેલાં જેવી ખચકાટભરી માનસિકતા રહી નથી. મોસ્ટલી સાઉથ દિલ્હી સહિત દેશનાં મોટા શહેરોમાં લિવ-ઈન, કેઝ્યુઅલ ડેટિંગ, વન-નાઈટ સ્ટેન્ડ અને ઓપન મેરેજ જેવા શબ્દો હવે માત્ર ફિલ્મો કે વિદેશી સમાજની ચર્ચા નથી રહ્યા, બલ્કે ટ્રેન્ડિંગ છે, ચલણમાં છે. સંબંધોની આ નવી ભાષા ભારતીય સમાજમાં પણ પ્રવેશી ગઈ છે.

વિશેષમાં આ સ્થિતિમાં કાયદાએ પણ સમય સાથે પોતાની ભૂમિકા બદલી છે. એક સમયે લગ્ન બહારનો સંબંધ Adultery એટલે કે વ્યભિચાર ગણાતો હતો અને તેના માટે ફોજદારી જોગવાઈ હતી. પરંતુ 2018માં સુપ્રીમ કોર્ટે એ એડલ્ટરી ફોજદારી ગુનો ગણતી જોગવાઈ રદ કરી. જોકે, એનો અર્થ એ થયો કે આજે લગ્ન બહારનો સંબંધ પોતે જ ફોજદારી ગુનો નથી.



આ સિવાય હાલમાં અલાહાબાદ હાઈકોર્ટનો લિવ-ઈનને લઈને મહત્વપૂર્ણ ચુકાદોઃ તાજેતરમાં અલાહાબાદ હાઈકોર્ટે લીવ-ઈન સંબંધો અંગે અત્યંત ધારદાર ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું કે "નૈતિકતા અને કાયદો (Morality and Law) બંને અલગ વસ્તુઓ છે." લગ્ન બાદ પણ પુખ્ત વયના બે વ્યક્તિઓ સંમતિથી લીવ-ઈનમાં રહે તે કાયદાકીય રીતે ગુનો બનતો નથી અને બંધારણની કલમ ૨૧ હેઠળ તેમને વ્યક્તિગત આઝાદીનું રક્ષણ મળે છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે સમાજનો દ્રષ્ટિકોણ કે પરંપરાગત નૈતિકતા નાગરિકોના કાયદાકીય અધિકારો છીનવી શકતી નથી. પરંતુ અહીં એક મહત્વની વાત હજુ તે છે કે, એડલ્ટરી ગુનો નથી એટલે લગ્નની બહારનો દરેક સંબંધ કાયદેસર રીતે યોગ્ય છે એવું નથી.લગ્નના અધિકારો, છૂટાછેડા, ભરણપોષણ અને અન્ય કાનૂની પ્રશ્નો અલગ રીતે ઊભા થઈ શકે છે. એટલે કાયદો બદલાયો છે, પરંતુ લગ્ન સાથે જોડાયેલી જવાબદારીનો પ્રશ્ન હજુ યથાવત્ છે.

ત્યારે આ સ્થિતિમાં મહત્વનો સવાલ અહીં તે છે કે આ આઝાદી કે ઈમોશનલ બર્નઆઉટ છે?

ત્યારે થોભો અને સમજો કે, આ નવા ટ્રેન્ડ્સ આજના યુવાનોની સ્વતંત્ર સોચ અને આત્મનિર્ભરતા દર્શાવે છે. તેઓ ભૂતકાળના સમાજના બંધનોથી

રીના બ્રહ્મભટ્ટ

મુક્ત થઈને પોતાની શરતો પર જીવવા માંગે છે, જે દરેકનું પોતાનું અંગત વિઝન છે. કેમકે, વ્યક્તિગત આઝાદી જે ચાહે સ્ત્રી હોય કે પુરૂષ પણ ચરમસીમા પર છે.

પરંતુ આ સિક્કાની બીજી બાજુ એ છે કે સિચ્યુએશનશિપ , હૂક-અપ, અને ઘોસ્ટિંગ જેવા શબ્દો ભલે ક્ષણિક આઝાદી આપે, પણ લાંબા ગાળે તે યુવાધનને ભારે માનસિક તણાવ (Emotional Burnout) અને એકલતા તરફ ધકેલે છે. સંબંધમાં સ્પષ્ટતા અને કમિટમેન્ટનો અભાવ યુવાનોને અંદરથી અસુરક્ષિત બનાવી દે છે.

બદલાતા સમય સાથે સંબંધોના નામો અને સ્વરૂપો બદલાયા છે, પણ માનવ મનની મૂળ જરૂરિયાત હજુ પણ એક જ છે. કાળજી (કેર), જવાબદારી (રિસ્પોન્સિબિલિટી), અને સુરક્ષા(સિક્યુરિટી) ગાયબ થતા જાય છે. જેમાં પ્રેમ કરવો ખોટો નથી, પણ સંબંધોમાં સ્પષ્ટતા ન હોવી એ આજના યુગનું સૌથી મોટું જોખમ છે.આ ક્ષણિક સંબંધો છે, જ્યાં લાગણીની કે જવાબદારીની કોઈ દરકાર નથી. ઈમોશનલ એટેચમેન્ટને કોઈ સ્થાન નથી. તો તમારું પોતાનું કહી શકાય તેવું તમને આ સંબંધોમાં કોઈ કદાપિ નહીં મળે. જમાનો જાતે નથી બદલાતો આપણે બદલીયે છીએ. આપણે જ આઝાદી કે સ્વચ્છંદતાની લ્હાયમાં આપણા પગ પર કુહાડો મારીએ છીએ.ત્યારે સમજીને આગળ વધો નહીંતર ક્યારેક તો પછતાશો જ....



સંબંધોના નવા ટ્રેન્ડિંગ શબ્દો (Relationship Terms)

અગાઉ સંબંધોના ગણ્યા-ગાંઠ્યા નામ હતા, પણ આજના યુવાનો સંબંધોને અલગ-અલગ તબક્કામાં વહેંચે છેઃ

હૂક-અપ : (Hook-up)
જ્યાં માત્ર શારીરિક આકર્ષણ કે ક્ષણિક સુખ જ મુખ્ય હોય છે. કોઈ પણ પ્રકારના ભાવનાત્મક જોડાણ કે ભવિષ્યના વાયદા વગરનો આ ઈન્સ્ટન્ટ રિલેશનશિપ ટ્રેન્ડ છે.

ડેટિંગ (Dating)
એકબીજાને ઓળખવાની, સમજવાની અને સાથે સમય વિતાવવાની પ્રક્રિયા. આ તબક્કે બંને વ્યક્તિઓ નક્કી કરે છે કે આગળ ગંભીર સંબંધ બાંધવો કે નહીં.

લીવ-ઈન રીલેશનશીપ (Live-in Relationship)
લગ્ન કર્યા વિના એક જ છત નીચે સાથે રહેવું. દૈનિક જવાબદારીઓ વહેંચવી અને એકબીજાને વ્યવહારિક જીવનમાં ચકાસવા જેથી ભવિષ્યનો નિર્ણય સરળ બને.

સિચ્યુએશનશિપ (Situationship)
આ આજના સમયનું સૌથી મોટું કન્ફ્યુઝન છે! પ્રેમ છે પણ કોઈ નામ નથી, સાથે છો પણ કોઈ બંધન નથી. ન તો આ માત્ર દોસ્તી છે, ન તો ઓફિશિયલ રિલેશનશિપ.

ફ્રેન્ડ્સ વિથ બેનિફિટ્સ [Friends with Benefits (FWB)]
મિત્રતા કાયમ રહે પણ સાથે શારીરિક સંબંધોની આઝાદી પણ રહે, જેમાં કોઈ ઈમોશનલ ડ્રામા કે લગ્નની અપેક્ષા હોતી નથી.

કેઝ્યુઅલ રિલેશનશિપ (Casual Relationship)
ગંભીર ભવિષ્યની ખાતરી કે જવાબદારી વગરનો સંબંધ.

સ્નિકી લીન્ક (Sneaky Link)
સમાજ કે દોસ્તોથી છુપાવીને ગુપ્ત રીતે મળવું અને સંબંધ રાખવો.

ઘોસ્ટિંગ (Ghosting)
સંબંધમાં સ્પષ્ટતા કર્યા વગર જ અચાનક અદ્રશ્ય થઈ જવું કે મેસેજ-કોલનો જવાબ આપવાનું બંધ કરી દેવું.

વન-નાઈટ સ્ટેન્ડ (One-Night Stand)
એક રાત પૂરતો સંબંધ, જેમાં લાંબા ગાળાની અપેક્ષા નથી.

ઓપન મેરેજ (Open Marriage)
લગ્નમાં રહીને પરસ્પર સંમતિથી અન્ય વ્યક્તિ સાથે સંબંધ રાખવાની વ્યવસ્થા.